આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પનાબેન શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-29-04-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## છઠ્ઠા તબક્કા માટે જાહેરનામુ પ્રસિધ્ધ

ચૂંટણીપંચે લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે. છઠ્ઠા તબક્કામાં છ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે. ઉમેદવારો માટે તેમના ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ છઠ્ઠી મે છે. ઉમેદવારીપત્રોની ચકાસણી 7મીએ થશે અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 9મી મે છે. 25મી મેના રોજ મતદાન યોજાશે. અત્રે જણાવીએ કે તમામ તબક્કાની મતગણતરી 4 જૂને થશે.

નેશનલ ન્યુઝ

---

## જિલ્લામાં તમામ મતદાન મથકને ઓળખો કાર્યક્રમ

ચૂંટણી પંચ દ્વારા ૧૫ દિવસીય સઘન કાર્યક્રમ અંતર્ગત ગઈકાલે સમગ્ર જિલ્લામાં નો યોર પોલિંગ સ્ટેશન તમારા મતદાન મથકને ઓળખો અને ચુનાવ પાઠશાળા જેવા કાર્યક્રમો જિલ્લાના દરેક તાલુકામાં યોજાયા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ કરાઈ રહી છે. ગામ કે શહેરના મતદારોને પોતાનું મતદાન ક્યાં કરવાનું છે, તે બાબતની સમજણ આપવા માટે KYPS કાર્યક્રમ જિલ્લાના તમામ બુથ ઉપર યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત ગામના BLO, તલાટી, શિક્ષકો, આંગણવાડી વર્કર, આશા

વર્કર, ગ્રામસેવક વગેરે કર્મચારીઓ અધિકારીઓ દ્વારા મતદારોને તેઓના મતદાન મથકની ઓળખ મતદાન મથક સુધી લાવીને કરાવવામાં આવી હતી.

આ ઉપરાંત ખાસ કરીને જિલ્લાના એવા બુથ ઉપર કે જ્યાં ગત વિધાનસભા ચૂંટણીમાં ૫૦ ટકા કરતાં ઓછું મતદાન નોંધાયું છે. અને જ્યાં મહિલા મતદાનનું પ્રમાણ પુરૂષોની સરખામણીએ ૧૦ ટકા અથવા એના કરતાં વધુ ઓછું જણાયું છે તેવા જિલ્લાના કુલ ૬૨૪થી વધુ બૂથ ઉપર ચુનાવ પાઠશાળાનું પણ આયોજન મહિલા મતદારોને બોલાવીને કરવામાં આવ્યું હતું. મતદાન વિશે સમજ આપવામાં આવી હતી અને અચૂક મતદાન કરવા માટેના સંકલ્પ પણ મતદાર મહિલાઓ દ્વારા લેવામાં આવ્યા હતા.

**મા.ખા**

---

## મહિલા મતદારોમાં જાગૃતિ માટે કાર્યક્રમ

ચૂંટણીપંચ દ્વારા ૧૫ દિવસીય સઘન કાર્યક્રમ અંતર્ગત સમગ્ર જિલ્લામાં ગરબા સંધ્યા, મહિલા મતદારોની મિટિંગ, રંગોળી જેવા કાર્યક્રમો જિલ્લાના દરેક તાલુકામાં યોજાયા હતા.

તાલુકા વિકાસ અધિકારી અને પ્રોગ્રામ ઓફિસર ICDS શાખાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સમગ્ર જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રો ઉપર મહિલાઓ દ્વારા મતદાન જાગૃતિ માટે સંદેશ વહેતો કરવામાં આવ્યો હતો. ત્રિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત મહિલા મતદારોમાં લોકસભાની ચૂંટણીમાં બહોળું મતદાન કરવા ઉત્સાહ જણાયો હતો.

**મા.ખા.**

---

## કચ્છ સંગ્રહાલય બે દિવસ બંધ રહેશે

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત કચ્છ સંગ્રહાલય ભુજના કર્મચારીઓને ચૂંટણી ફરજ બજાવવાની હોઇ, સંગ્રહાલય આગામી ૬ અને 7મી મેના સંપૂર્ણપણે બંધ રહેશે તેમ ક્યુરેટર કચ્છ સંગ્રહાલય ભુજની યાદીમાં જણાવાયું છે.

**પ્ર.ચંદ્રવદન પટ્ટણી**

---

## ઉનાળુ વેકેશનની નવી તારીખો જાહેર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણ વિભાગને પાઠવાયેલ પરીપત્ર મુજબ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2023-24માં ઉનાળુ વેકેશન આગામી 9મી મેથી 12મી જુન 2024 સુધી જાહેર કરાયું છે. અત્રે જણાવીએ કે, આ અગાઉ શાળાકીય પ્રવૃતિ કેલેન્ડર મુજબ ઉનાળુ વેકેશન 6ઠી મેથી 9મી જુન સુધી જાહેર કરાયું હતું. જેમાં હવે ફેરફાર કરાયા બાદ નવી તારીખો જાહેર કરાઈ છે.

**RNU ઓફિસ**

---

## માદક દ્રવ્ય ઝડપી પડાયો

ગઇકાલે અરબી સમુદ્રમાંથી 14 જેટલા પાકિસ્તાની શખ્સોની બોટમાંથી 86 કિલો નશીલા પદાર્થનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. જેની બજાર કિંમત રૂપિયા 600 કરોડની હોવાનું મનાઈ રહ્યું છે. ત્યાં કોસ્ટગાર્ડ, એટીએસ અને એનસીબી દ્વારા વધુ એક સફળ ઓપરેશન અંતર્ગત અરબી સમુદ્રમાંથી પસાર થતી એક ભારતીય બોટને શંકાના આધારે રોકી તેની તપાસ હાથ ધરતા તેમાંથી આશરે 173 કિલો માદર દ્રવ્યનો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે બે શખ્સોને પણ ઝડપી પાડવામાં આવ્યા છે. અને આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

N.P

---

## હાજીપીરનો મેળો

સરહદના સંત્ર મનાતા હાજીપીરના ત્રિદિવસીય મેળામાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા હતા. કચ્છ તેમજ કચ્છ બહાર, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ સહિતના લોકોએ મોટી સંખ્યામાં આ મેળો માણ્યો હતો. શનિવારથી આયોજીત આ મેળામાં ગઈકાલે રવિવારે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

N.P

---

## બિદડા ખાતે માનસિકરોગનો નિદાન કેમ્પ

બિદડા ખાતે માનસિક રોગના દર્દીઓ માટે નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં અમેરિકાથી આવેલા માનસિક રોગ વિશેષજ્ઞ સહિત નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા 30 જેટલા માનસિક રોગ પીડીત દર્દીઓની તપાસ કરાઈ હતી. આ પ્રસંગે માનસિક રોગના દર્દીઓમાં મોટાભાગે ચિંતા, ચીડિયાપણુ, હતાશા, અનિંદ્રા, બિક અને ભ્રામકતા જેવા જોવા મળતા લક્ષણો વિશે માહિતી અપાઈ હતી.

N.P

---